



વસંતોત્સવ - બે વર્ષના કોરોનાના ગ્રહણ બાદ ગાંધીનગરનું આકર્ષણ ગણાતા સંસ્કૃતિકુંજનો વસંતોત્સવ હવે માત્ર ૩ દિવસ બાદ આરંભાશે... દેશના અલગ-અલગ પ્રદેશોની અલગ-અલગ સંસ્કૃતિની અભિવ્યક્તિનો મહામેળો સાબરના કિનારે જ-માર્ગ પર સંસ્કૃતિકુંજ ખાતે આરંભાશે... ૪થી માર્ચથી આરંભાતા આ સાંસ્કૃતિક મહોત્સવ માટે તડામાર તૈયારીઓ આરંભાઈ છે... ગ્રામીણ શૈલીમાં પ્રવેશદ્વાર, બેઠક વ્યવસ્થા તથા સ્ટેજ સજાવટ ચાલી રહી છે...

# આજે મનપાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક

### વિકાસ કામો, નવા મહેકમ માંગણા અંગેનો અહેવાલ સહિત ૨૨ જેટલા કામો બેઠકમાં રજુ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે સ્થાયી સમિતિની બેઠક બપોરે ૧૨.૩૦ કલાકે મળશે.

સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલની અધ્યક્ષતામાં સ્થાયી સમિતિના સભાખંડમાં આ બેઠક મળશે. આ બેઠકમાં ૨૨ જેટલા વિષયો સૂચવવામાં આવ્યા છે. અંદાજપત્ર પસાર થયા પછીની આ પ્રથમ બેઠક છે અને તેમાં વહીવટીય કામો ઉપરાંત વિકાસના કામો પણ સૂચવવામાં આવ્યા છે. આ બેઠકમાં મોબાઈલ ટાવર/અન્ડર ગ્રાઉન્ડ કેબલ ઈન્સ્ટોલેશનની મંજૂરી આપવાની કાર્યવાહી સાથે આનુસંગિક ફીના ધોરણો પણ નિયત કરવામાં આવશે. ટી.પી. નં. ૭ માં એલ.આઈ.સી. કચેરીમાં સંપ્રાપ્ત પ્લોટોમાંથી પ્લોટની ફાળવણી કરવા અંગે પણ નિર્ણય કરવામાં આવનાર છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નવા વૉટર કનેક્શન આપવાની નીતિને પણ મંજૂરી આપવામાં આવનાર છે. આ ઉપરાંત નવા ડ્રેનેજ કનેક્શન આપવાની નીતિને પણ મંજૂરી આપવામાં આવશે. ગાંધીનગર શહેરની વધેલી હદને ધ્યાને રાખી સબ ડિવીઝનલ ફાયર ઓફિસરની ભરતીના નિયમોને મંજૂરી આપવા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં નવા બોરવેલ બનાવવાના મુદ્દે પણ આખરી નિર્ણય લેવામાં આવશે. પાંચ જેટલા નવા બોર બનાવવામાં આવશે આ કામગીરી પાણી પુરવઠા બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. ૭૨ કરોડથી વધુ ખર્ચના વિકાસ કામોના અંગે પણ વિચારણા કરવામાં આવનાર છે. આ ઉપરાંત મનપાના ટ્રેક્ટરોની હરાજીને મંજૂરી આપવા તેમજ સુએઝનો વર્ક અને વૉટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના કામોને બહાલી આપવામાં આવનાર છે. પેથાપુર અને રાંધેજાના નવા ટી.પી. વિસ્તારની દરખાસ્તોને મંજૂરી આપવા ઉપરાંત જનની સુરક્ષા યોજના અંતર્ગત કઠોળ ખરીદીનો ઈજારો આપવા બાબતે તેમજ નવા મહેકમના માળખાગત અહેવાલ પર વિચારણા કરી તેને મંજૂરી આપવામાં આવશે.

# બીજા દિવસે પણ નૃપાક્ષી યુક્રેન સરહદે ફસાયેલી રહેતા ગાંધીનગરમાં ચિંતા

### સાઈઠ-સાઈઠ કલાકથી ખોરાક અને પાણીની અગવડ વચ્ચે સરહદ પાર કરવા ઝઝુમી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ : યુક્રેન અને પોલેન્ડના અધિકારીઓના ગેરવર્તનથી વિદ્યાર્થીઓને ભારે હાલાકી : મોબાઈલ ચાર્જીંગના અભાવે વિદ્યાર્થીઓ સંપર્ક વિહોણા બન્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની દીકરી નૃપાક્ષી સહિત સાડા ત્રણસોથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેન અને પોલેન્ડની ચેકપોસ્ટ વચ્ચે ફસાયા છે. છેલ્લા સાઈઠ-સાઈઠ કલાકથી ખોરાક અને પાણી માટે ફાંફા મારતા વિદ્યાર્થીઓ ભારે ચિંતાજનક સ્થિતિમાં મુકાયા છે. ગઈકાલે રાત્રે માઈનસ પાંચ ડિગ્રી તાપમાન વચ્ચે વિદ્યાર્થીઓ થરથર કાંપતા હતા. રવિવારના દિવસે બપોર બાદ મોટાભાગના વિદ્યાર્થીઓના મોબાઈલમાં બેટરી ખતમ થતાં તેઓ સંપર્ક વિહોણા બન્યા હતા. યુક્રેન સરહદે ફસાયેલા વિદ્યાર્થીઓને કારણે નૃપાક્ષીના માતા-પિતા અને દાદા-દાદી ભારે ચિંતામાં મુકાયા છે.

યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને બચાવવાના દાવા વચ્ચે હજુ યુક્રેન-પોલેન્ડ બોર્ડર પર જૈસે થે ની સ્થિતિ છે. ગાંધીનગરની દીકરી નૃપાક્ષી છેલ્લા બે દિવસથી પોતાના મિત્રો સાથે યુક્રેન-પોલેન્ડ બોર્ડર પર ફસાયેલી છે. નૃપાક્ષીએ પરિવાર સાથે કરેલી વાતચીતમાં જાણવા મળ્યુ છે કે છેલ્લા બે દિવસથી તેઓ પોલેન્ડ અને યુક્રેનની સરહદે ફસાયા છે. યુક્રેન, પોલેન્ડની ભારતીય એમ્બેસી દ્વારા હજુ સુધી અહીં તેમના માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. છેલ્લા બે દિવસથી અહીં ફસાયેલા ત્રણસો-સાડા ત્રણસોથી વધુ વિદ્યાર્થીઓ ખોરાક-પાણીની ભારે અછત ભોગવી રહ્યા છે. વળી ઠંડી માઈનસ પાંચ ડિગ્રી નોંધાઈ છે જેના કારણે વિદ્યાર્થીઓની સ્થિતિ વધુ ને વધુ વિકટ બનતી જાય છે. ખોરાક અને પાણી વિના હાલાકીનો સામનો કરી રહેલા વિદ્યાર્થીઓ માટે હવે મોબાઈલમાં બેટરી ખુટી જવાની નવી સમસ્યા ઉભી થઈ છે. મોબાઈલ બંધ થઈ જતા ઘણા વિદ્યાર્થીઓ હવે તેમના પરિવારથી સંપર્ક વિહોણા બનતા ભારતમાં રહેલા તેમના પરિવારો હવે શુ થશે તેની ચિંતામાં મુકાયા છે. સરહદ પર વિદ્યાર્થીઓનો ખુબ મોટો જમાવડો છે. વિઝાની પ્રોસેસ લાંબી હોવાથી ખુબ જ ઓછા વિદ્યાર્થીઓ સરહદ પાર કરી શક્યા છે. વળી અહીં જાતભાતની વિગતો યુક્રેન સરકાર, પોલેન્ડ સરકાર અને ભારતીય એમ્બેસી દ્વારા અપાતી હોવાથી વિદ્યાર્થીઓમાં ચિંતા છે. માત્ર યુવતીઓને જ સરહદ પાર કરવા દેવામાં આવશે અને યુવકોને આર્મીમાં ભરતી કરી દેવાશે તેવી વાતો વચ્ચે ઉચ્ચ અભ્યાસના સપના લઈને યુક્રેન પહોંચેલા ભારતીય વિદ્યાર્થીઓ ચિંતામાં તેઓને કોઈ મદદ મળે તેની રાહ જોઈ રહ્યા છે.

## આજે ગાંધીનગરના યુક્રેનથી પરત ફરેલા બે વિદ્યાર્થીઓ આવશે

યુક્રેનમાંથી સલામત ગુજરાતમાં લઈ આવવાના અભિયાનના ભાગરૂપે આજે દિલ્હી આવેલા વિદ્યાર્થીઓને વોલ્વો બસ દ્વારા સવારે ૮.૪૫ કલાકે ગાંધીનગર સરકીટહાઉસ ખાતે લાવવામાં આવશે.

આજે ગાંધીનગર સરકીટહાઉસ ખાતે આવનારા વિદ્યાર્થીઓમાં ગાંધીનગરના બે વિદ્યાર્થીઓ છે. જેમાં એક વિદ્યાર્થીની જી.ઈ.બી. કોલોનીની રહીશ છે જ્યારે એક વિદ્યાર્થી કસ્તુરીનગર ઈફકોનો રહેવાસી હોવાનું જાણવા મળેલ છે. આ વિદ્યાર્થીઓને મંત્રીશ્રી તથા મહાનુભાવની ઉપસ્થિતિમાં તેમના ઘરે જવા માટે રવાના કરવામાં આવશે. આ વિદ્યાર્થીઓ માટે તંત્ર દ્વારા સરકીટહાઉસ ખાતે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના નવા પાંચ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણ હવે સમેટાઈ રહ્યુ છે.

શહેરમાં આજે કોરોનાના નવા ૪ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજા દિવસે એક કેસ નોંધાયો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસમાં ૩ મહિલા દર્દીઓ છે. ઝુંડાલ, કુડાસણ, પાલજ અને સે. ૭ માંથી એક કેસ નોંધાયેલ છે. શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગર તાલુકાના અડાલજ ગામે એક કેસ નોંધાયો છે. આ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેર-જિલ્લામાં કોરોનાના હવે છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ સ્થિતિ સામાન્ય થઈ ગઈ હાવોનો દાવો કર્યો છે.

શહેર-જિલ્લામાં ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જેમાં શહેરના ૧૩ અને ગ્રામ્યના પાંચ દર્દીઓનો સમાવેશ થાય છે.

જ્યારે રાજ્યમાં કોરોનાના આજે નવા ૧૬૨ નવા કેસ આવ્યા છે. તો બીજી તરફ ૩૮૬ દર્દીઓ રિકવર થયા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૦૯,૫૩૪દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. તો બીજી તરફ કોરોનાથી સાજા થવાનો દર ણ ૯૮.૯૪ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના ૨૨,૧૧૮ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

રાજ્યમાં જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૦૪૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૩ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૨૦૨૬ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં ૧૨૦૯૫૩૪ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. તો બીજી તરફ કોરોનાને કારણે કુલ ૧૦૯૨૮ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. આજે ગુજરાતમાં કોરોનાને કારણે માત્ર ૨ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થયા હતા.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

# ગાંધીનગરમાં સાડા ચાર દાયકાના અંતે પણ ગ્રામ્ય ડેપો શરૂ કરાયો નથી

### ગાંધીનગર ડેપોનુ ૨૩ જુન વર્ષ ૧૯૭૯ માં લોકાર્પણ થયુ ત્યારે ગ્રામ્ય ડેપો માટે જગ્યા ફાળવવામાં આવી હતી : ગ્રામ્ય ડેપો માટે ૪૨ વર્ષ અગાઉ જમીન ફાળવવામાં આવી હતી : અલાયદા ગ્રામ્ય ડેપોના અભાવે ડેપો સંકુલમાં વધતી મુસાફરોની ભીડ વચ્ચે અવ્યવસ્થા : સલામતી અને સુવિધાનો મુદ્દો પણ અધ્ધરતાલ

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર એસ ટી ડેપોને ગ્રામ્ય ડેપો માટે અલગ જગ્યા ફાળવવામાં આવી હતી પરંતુ ચાર દાયકાથી વધુ સમયના અંતે પણ ગ્રામ્ય ડેપો શરૂ કરાયુ નથી. જયારે હાલ ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી અને સુવિધાના અભાવ વચ્ચે રોજબરોજ વધતી ભીડ વચ્ચે અવ્યવસ્થા સર્જાય છે. ૨૩ જુન વર્ષ ૧૯૭૯ દરમિયાન એસ ટી ડેપોનુ લોકાર્પણ થયુ હતુ પરંતુ વર્ષોના અંતે પણ ડેપો સંકુલના વિકાસ માટે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામત સવારીમાં રોજબરોજ મુસાફરો ઉભરાય છે. એસ ટી ડેપોને પણ મુસાફરોની સલામત સવારી સામે તગડી આવક થાય છે. પરંતુ લાંબા સમયના અંતે પણ ડેપો સંકુલમાં સ્માર્ટ સીટીને અનુરૂપ કોઈ સુવિધા કે મુસાફરોની સલામતીનો વિચાર કરવામાં આવ્યો ન હોવાનો જન આક્રોશ પણ પ્રબળ બની રહ્યો છે. ડેપો સંકુલમાં હાલ શહેરી બસ સેવા અન્વયે પણ ૮૪ જેટલી બસો દોડી રહી છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવા ઉપરાંત પોઈન્ટની બસ સેવા સહીત અન્ય ગ્રામ્ય રૂટોની બસોનુ પણ સંચાલન થઈ રહ્યુ છે. એકબાજુ શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અસે ટી ની સલામત સવારી નસીબ ન થતી હોવાનો રોષ પણ વધ્યો છે. ગાંધીનગર ડેપોને ઈલેક્ટ્રીક બસો આપવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ ગાંધીનગર નજીકના ગામોમાં પણ બસસેવા પહોંચતી થાય તેવુ આયોજન કરવામાં નિરસતા સેવાઈ રહી છે. ગામડાઓ સુધી એસ ટી બસ સેવાના રૂટોનુ યોગ્ય સંચાલન કરવામાં આવતુ ન હોવાથી વિદ્યાર્થીઓ તેમજ નોકરીયાત વર્ગે ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવાનો વારો આવ્યો છે. બીજીતરફ ગાંધીનગરમાં ડેપો સંકુલનો સ્માર્ટ બનાવવા માટે પણ કોઈ આયોજન કરવામાં આવતુ નથી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં વર્ષ ૧૯૭૯ તા ૨૩ જુનના રોજ ડેપોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. જયારે આ દરમિયાન શહેરમાં ગ્રામ્ય ડેપો શરૂ કરવા માટે પણ જગ્યા ફાળવવામાં આવી હતી. પરંતુ આજે ચાર દાયકાના અંતે પણ ગ્રામ્ય ડેપો શરૂ કરવાના મામલે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગર ડેપોમાં એકબાજુ સુવિધાઓનો અભાવ છે ત્યારે મુસાફરોની વધતી ભીડ વચ્ચે અવ્યવસ્થા ઉભી થાય છે. મુસાફરોની સલામતીનો મુદ્દો પણ મુખ્ય બન્યો છે. આવા સંજોગોમાં ગ્રામ્ય ડેપો અલગ ન હોવાથી આ વિસ્તારની બસ સેવા પણ ખોરવાઈ છે. વેકેશન તેમજ લગ્નસરાની સિઝન દરમિયાન ડેપોમાં વિશેષ ટ્રાફિક જોવા મળે છે. આવા સંજોગોમાં ડેપોને અપગ્રેડ કરવા માટે કોઈ આયોજન કરવામાં આવતુ નથી. છેલ્લા ૪૨ વર્ષથી ગ્રામ્ય ડેપો શરૂ કરવાનો મુદ્દો હજુ કાગળ પર જ રહી ગયો છે.

# પલ્સ પોલિયો અભિયાનને સારો પ્રતિસાદ, શહેરમાં ૮૦ ટકા તો ગ્રામ્યમાં ૯૩ ટકા બાળકો આવરી લેવાયા




ગાંધીનગર, તા. ૨૭

આજે યોજાયેલ પલ્સ પોલિયો અભિયાનમાં શહેરમાં ૮૦ ટકા જેટલા જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૯૩ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં સફળતા તંત્રને મળી છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨૪ ખાતે મેયર હિતેશ મકવાણા, વાવોલમાં ડે. મેયર પ્રેમલસિંહ ગોલ અને ભાટ ખાતે સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલે અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

આજે શહેરમાં આ અભિયાનને સઘન બનાવવા માટે ભાજપના કાઉન્સીલરો પણ બપોર પછી કામે લાગ્યા હતા. વોર્ડ નં. ૧૦, ૫, ૧૧, ૮ માં કાઉન્સીલરો વિવિધ વિસ્તારોમાં ફર્યા હતા.

શહેરમાં અભિયાનને લઈ ૨૨૪ બુથ, ૨૫ મોબાઈલ ટીમ તથા ૯ ટ્રાન્ઝીટ ટીમો કામે લાગી હતી.

ગાંધીનગર શહેરમાં આજે અભિયાનના પ્રથમ દિવસે ૪૬,૬૫૮ બાળકોને આવરી લઈ ૮૦ ટકા જેટલી કામગીરી સંપન્ન કરી દેવામાં આવી છે. મનપાના ૧ હજારથી વધુ કર્મયોગીઓ આ અભિયાનમાં જોડાયા હતા.

આ અભિયાનમાં રોટરીક્લબ, રેડક્રોસ સોસાયટી તેમજ કડી કોમર્સ કોલેજની એન.એસ.એસ.ની ટીમે પણ સમયદાન કરી સહયોગ આપ્યો હતો.

આ અભિયાનની કામગીરીની સમીક્ષા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની બે ટીમો ગાંધીનગર શહેરમાં આવી હતી જેમણે સે. ૨ અને સે. ૨૯ ખાતેના અર્બન હેલ્થ સેન્ટરોમાં ચાલી રહેલી કામગીરીને નિહાળી હતી અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧,૫૨,૧૭૦ બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. જે ૧,૬૨,૪૨૮ ના લક્ષ્યાંક સામે ૯૩ ટકા જેટલા થવા જાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૭૭૦ જેટલા બુથ, ૮૫ મોબાઈલ બુથ અને ૧૬ ટ્રાન્ઝીટ ટીમો દ્વારા અભિયાનને સઘન બનાવવામાં આવ્યુ હતુ. ૨૬૦૦ થી વધુ કર્મયોગીઓ જોડાયા હતા.

૧૧ વાગ્યા સુધીમાં ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. જો કે બપોરના સમયે કામગીરી થોડીક ધીમી પડી હતી પરંતુ આ પછી ચાર વાગ્યા બાદ અભિયાનમાં ગતિ આવી હતી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં અભિયાનને મળેલા સારા પ્રતિસાદને પગલે તંત્રમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કોરોનાના કાળમાં આ અભિયાન હાથ ધરી શકાયુ ન હતુ. જો કે આજે લોકોએ આ અભિયાન અંગે સારી જાગૃતિ બતાવી હતી.

શહેર-જિલ્લામાં છુટી ગયેલા બાળકોને હવે સોમવાર અને મંગળવારના રોજ ટીમો ઘરે-ઘરે જઈને આવરી લેશે.



પ્રથમ માસિક પુણ્યતિથિએ
શ્રધ્ધાંજલિ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥

લિ.
કે.બી.વ્યાસ પરિવાર, ગાંધીનગર
મો.૯૮૨૫૦ ૩૩૦૭૪
અશ્વિન કે. વ્યાસ (કુકર)
મો.૯૮૨૫૦ ૩૯૦૪૯
શૈલેષ કે. વ્યાસ
મો.૯૮૨૪૩ ૫૧૯૦૪

સ્વ. મધુબેન કાન્તિલાલ વ્યાસ
જ.તા.૧૬-૫-૧૯૪૦ સ્વ.તા.૨૮-૧-૨૦૨૨

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com